Extra No. 10

© 

सत्यमेव जयते

# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII ] FRIDAY, JANUARY 2, 2026 / PAUSA 12, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART -I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**હુકમ**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(એસ) અન્વયેનો**

File No: KHD/MAG/e-file/450/2025/3983/MAG BRANCH- એસ.આર.પી (રાજય અનામત પોલીસ દળ) ગ્રુપ-૭ નડીઆદનાઓને મરીડા ખાતે તૈયાર ફાયરીંગ બટમાં ગુજરાત જયના પોલીસ, એસ.આર.પી તથા અન્ય ફોર્સના જવાનો ફાયરીંગ પ્રેકટીસ કરી શકે તે હેતુથી ફાયરીંગ બટનો ઉપયોગમાં લેવાની મંજુરી માંગેલ છે. તથા ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન કોઈ જીવને જાનહાની ન થાય તેમજ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના પગલા રૂપે ફાયરીંગ રેન્જની આસપારાના વિસ્તારમાં માણસ તથા ઢોરની પ્રવેશબંધી જાહેર કરવા માટે અત્રે પત્ર ક્રમાંક:વહટ-૧/મ.ફા.બટ/જાહેરનામું/૫૨૪૬/૨૦૨૫ તા.૦૯/૧૨/૨૦૨૫ થી દરખાસ્ત કરેલ છે. આ હકીકતે ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન કોઈ જીવને જાનહાની ન થાય તેમજ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના પગલા રૂપે ફાયરીંગ રેન્જની આસપાસના વિસ્તારમાં માણસ તથા ઢોરની પ્રવેશબંધી જાહેર કરવાની થાય છે.

વાસ્તે હું જે.બી.દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા - નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(એસ)થી મને મળેલ સત્તાની રૂઈએ મરીડા, તા.નડીઆદ(ગ્રામ્ય) ખાતેની ફાયરીંગ બટના ફાયરીંગ રેન્જના વિસ્તારની ૫૦૦ મીટરની ત્રિજયામાં તા.૦૧/૦૧/૨૦૨૬ થી તા.૩૦/૦૬/૨૦૨૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) હથિયારી લોકરક્ષકોની ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન મનુષ્યોની પોતાની તથા જાનવરો સાથેની અવર-જવર તેમજ જાનવરો ફરતા છુટા મુકવાના કૃત્યો અને જાહેર ઉપયોગ માટે આથી પ્રતિબંધ ફરમાવું છુ.

સદરહું પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાએ ફાયરીંગ રેન્જમાં વિના પરવાનગીએ પ્રવેશ કરવો કે કરાવવો નહી તથા પોતાના આશ્રિત પશુઓને સ્થળથી દુર રાખવા તથા સદરહું જગ્યાએ પશુઓ અવર-જવર ન કરે તેની તકેદારી રાખવી ફાયરીંગની પ્રેકટીસ દરમ્યાન બહારના કોઈપણ માણસો, પશુ વગેરે પ્રવેશે નહી તેની તકેદારી રૂપે સેનાપતિશ્રી, રાજય અનામત પોલીસ દળ (એસ.આર.પી) ગ્રુપ-૭, નડીઆદએ વ્યવસ્થા ફાયરીંગ કેમ્પની આજુબાજુના વિસ્તારમાં રાખવાની રહેશે.

**શિક્ષા ::-** આ હુકમનો ભંગ તથા ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મે આજરોજ તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**જે.બી.દેસાઈ**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

---



Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.23 19:29:17 IST